કુવૈત પર મિસાઈલ હુમલો

ઇરાની હુમલાને અમેરિકાએ 'યુદ્ધવિરામનું ઘોર ઉલ્લંઘન' ગણાવ્યું

દુબઈ, તા. ૨૮ (એપી) : અમેરિકી સૈન્યે ગુરુવારે ઈરાન દ્વારા નાજુક યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવા બદલ તેની આકરી ટીકા કરી હતી, જ્યારે કુવૈતે તેના પર હુમલો થયો હોવાનો અહેવાલ આપ્યો હતો. આ તાજેતરના વિવાદથી યુદ્ધનો અંત લાવવા માટે ચાલી રહેલી વાટાઘાટો જોખમમાં મુકાઈ ગઈ છે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, કુવૈતે બુધવારે મોડી રાત્રે ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી. પર્સિયન ગલ્ફમાં અમેરિકાના ટોચના સાથી દેશોમાંના એક એવા કુવૈત પરના આ ઈરાની હુમલાને અમેરિકાએ 'યુદ્ધવિરામનું ઘોર ઉલ્લંઘન' ગણાવ્યું હતું. કુવૈતે અગાઉ તેના ક્ષેત્ર પર હુમલો થયો હોવાની જાહેરાત કરી હતી અને ઈરાને જણાવ્યું હતું કે, સપ્તાહની શરૂઆતમાં થયેલા હુમલાઓનો જવાબ આપવા માટે તેણે અખાતી દેશમાં આવેલા એક અમેરિકી બેઝ પર ફાયરિંગ કર્યું હતું. જોકે, ઈરાને તે દેશનું નામ જાહેર કર્યું ન હતું. અમેરિકા અને ઈરાન વચ્ચે આખું અઠવાડિયું એકબીજા પર હુમલાઓ થતા રહ્યા છે, આમ છતાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેમને વિશ્વાસ છે કે તેમનું વહીવટીતંત્ર યુદ્ધનો અંત લાવવા માટે ઈરાન સાથેની વાટાઘાટોમાં પ્રગતિ કરી રહ્યું છે. સોમવારે અમેરિકાએ જણાવ્યું હતું કે, તેણે દક્ષિણ ઈરાનમાં મિસાઈલ લોન્ચ સાઈટ્સ અને દરિયામાં સુરંગ બિછાવતી બોટ પર હુમલા કર્યા હતા. જેને પેન્ટાગોને 'રક્ષણાત્મક' હુમલા ગણાવ્યા હતા.

અનુસંધાન ... પાના પહેલાનું

દિલ્હી-NCRમાં...

આગાહીથી રાહતની આશા છે. પંજાબના ફરીદકોટ અને હરિયાણાના સિરસામાં પણ તાપમાન ૪૫.૪C નોંધાયું હતું.

ઈરાન પછી...

ઉતાવળિયો સોદો કરી લેશે અથવા યુદ્ધથી પીછેહઠ કરશે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું, "ઈરાનને લાગતું હતું કે તેઓ મને રાહ જોવડાવીને થકવી દેશે. તેમને લાગ્યું કે મારા માથા પર ચૂંટણી છે, પણ મને તેની કોઈ પરવા નથી. હવે ઈરાન જ પોતે ઘૂંટણિયે આવીને કરાર કરવા માટે તરફડી રહ્યું છે, કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી બચ્યો."

ડેપ્યુટી સીએમ...

કે. શિવકુમારને ગળે લગાડતા જોવા મળ્યા હતા. અન્ય એક તસવીરમાં શિવકુમાર સીએમ સિદ્ધારમૈયાના પગે લાગીને આશીર્વાદ લેતા દેખાયા હતા. બ્રેકફાસ્ટ દરમિયાન જ સિદ્ધારમૈયાએ મંત્રીઓને જણાવી દીધું હતું કે હાઈકમાન્ડના આદેશ મુજબ ડી. કે. શિવકુમાર તેમના ઉત્તરાધિકારી (નવા સીએમ) બનશે.

અમેરિકા-ઈરાન...

૫૨ સાત સપ્તાહના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે અને આખું અઠવાડિયું એકબીજા પર હુમલા કર્યા છે, પરંતુ તેઓ સંપૂર્ણ પાયાની દુશ્મનાવટ પર પાછા ફર્યા નથી અને વાટાઘાટો ચાલુ રાખી છે. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું છે કે, તેમને વિશ્વાસ છે કે તેમનું વહીવટીતંત્ર વાટાઘાટોમાં પ્રગતિ કરી રહ્યું છે.

સમજૂતીની મુખ્ય શરતો:

દરિયાઈ માર્ગ ખુલ્લો કરાશે: હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોની અવરજવર વગર કોઈ અડચણે ચાલુ રહેશે. ઈરાને ૩૦ દિવસની અંદર દરિયામાં બિછાવેલી તમામ 'મિલિટરી માઈન્સ' હટાવવી પડશે અને કોઈ ટોલ ટેક્સ વસૂલી શકાશે નહીં.

પ્રતિબંધોમાં રાહત: આના બદલામાં અમેરિકા પોતાની નૌસૈનિક નાકેબંધી ધીમે-ધીમે હટાવશે અને ઈરાનને તેલ વેચવા માટે પ્રતિબંધોમાં રાહત આપશે.

પરમાણુ મંત્રણા: ઈરાન પરમાણુ હથિયાર નહીં બનાવે તેવા વાયદા સાથે શરૂઆતના ૬૦ દિવસમાં હાઈલી એનરિચ્ડ યુરેનિયમ પર બંને દેશો ઔપચારિક વાતચીત શરૂ કરશે.

પ્રાદેશિક પક્ષોની...

મોખરે છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ૩૬.૨૭ કરોડ અને AIADMK ૩૫.૮૬ કરોડની બચત સાથે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

આવકના મુખ્ય સ્ત્રોત અને ખર્ચના ક્ષેત્રો

સ્વૈચ્છિક દાન (Donations): પ્રાદેશિક પક્ષો માટે ફંડિંગનો સૌથી મોટો સ્ત્રોત દાન છે. કુલ આવકના ૫૮.૮૮% એટલે કે ૭૦૨.૩૬ કરોડ દાન દ્વારા આવ્યા છે. જેમાં તૃણમૂલ કોંગ્રેસ (AITC) ૧૮૪.૦૮ કરોડના દાન સાથે સૌથી આગળ છે. વ્યાજની આવક ૨૭૭.૨૧ કરોડ (૨૩.૨૪%) રહી હતી.

ચૂંટણી પાછળ આંધળો ખર્ચ: પક્ષોનો મુખ્ય ખર્ચ ચૂંટણી પ્રચાર અને વહીવટી બાબતોમાં થાય છે. ૧૫ પ્રાદેશિક પક્ષોએ પોતાના કુલ ખર્ચના ૫૫%થી વધુ રકમ માત્ર ચૂંટણી પાછળ વાપરી છે. ચૂંટણી પ્રચારમાં YSR કોંગ્રેસે ૨૯૯.૯૨ કરોડ, BJD એ ૨૭૦.૬૬ કરોડ અને BRSએ ૧૪૭.૯૯ કરોડ ખર્ચ્યા છે.

ચૂંટણી પંચના નિયમોનું ઉલ્લંઘન

ADR એ તેના રિપોર્ટમાં રાજકીય પક્ષોની શિસ્તહીનતા અને પારદર્શિતાના અભાવ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે:

૧. ૩૧ પક્ષોના રિપોર્ટ ગાયબ: ઓક્ટોબર ૩૧, ૨૦૨૫ ની સમયમર્યાદાના ૨૦૭ દિવસ વીતી ગયા હોવા છતાં, ૬૭ માંથી ૩૧ પક્ષોએ હજુ સુધી પોતાના ઓડિટ રિપોર્ટ સબમિટ કર્યા નથી. આમાં DMK, શિવસેના, શિવસેના (UBT), NCP અને નેશનલ કોન્ફરન્સ જેવા મોટા પક્ષો સામેલ છે.

૨. રિપોર્ટ ફાઈલ કરવામાં વિલંબ: જે ૩૬ પક્ષોએ રિપોર્ટ આપ્યા છે, તેમાંથી માત્ર ૧૫ પક્ષોએ સમયસર આપ્યા છે, જ્યારે ૨૧ પક્ષોએ ૨ થી લઈને ૯૬ દિવસ સુધીનો વિલંબ કર્યો છે.

સિદ્ધારમૈયાના રાજીનામા...

કર્યો હતો. શિવમોગ્ગા શહેરમાં સમર્થકોએ શિવપ્પા નાયક સર્કલ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં કુરુબા સમુદાયના સભ્યોએ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. સિદ્ધારમૈયાના રાજીનામા સામે નારાજગી વ્યક્ત કરતાં પ્રદર્શનકારીઓએ ટાયરો સળગાવ્યા હતા અને મુખ્યમંત્રીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે માંગ કરી હતી કે સિદ્ધારમૈયા પોતાના પદ પર ચાલુ રહે. યાદગીરમાં કર્ણાટક પ્રદેશ કુરુબરા સંઘના જિલ્લા યુનિટના સભ્યોએ નેતાજી સર્કલ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કોંગ્રેસ હાઈકમાન્ડ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓએ માંગ કરી હતી કે, સિદ્ધારમૈયાનું રાજીનામું સ્વીકારવું જોઈએ નહીં અને ટાયરો પણ સળગાવ્યા હતા. તેમણે માનવ સાંકળ બનાવીને વાહનવ્યવહાર ખોરવ્યો હતો. જોકે, પોલીસે તેમને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. સિદ્ધારમૈયાના રાજીનામાથી દુઃખી થઈને પ્રદર્શનકારીઓમાંથી એકે કથિત રીતે પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ભીમુ તરીકે ઓળખાતા એક પ્રદર્શનકારીએ કથિત રીતે ઝેર ગટગટાવવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે તે સિદ્ધારમૈયા માટે મરવા પણ તૈયાર છે. આસપાસના લોકોએ હસ્તક્ષેપ કરીને ઝેર હોવાની શંકાવાળી બોટલ આંચકી લીધી હતી. યાદગીરના સુભાષ ચંદ્ર સર્કલ પર, સિદ્ધારમૈયાના એક પ્રખર સમર્થક, જેની ઓળખ રાજકુમાર ગનીર તરીકે થઈ છે, તેમણે કોંગ્રેસ નેતાનું પોસ્ટર હાથમાં રાખીને મૌન વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમના રાજીનામા પર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

કર્ણાટકમાં સિદ્ધારમૈયાની...

શિવકુમાર સાથે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી સત્તાની લડાઈનો અંત આવ્યો છે.

પ્રેસ કોન્ફરન્સમાં સિદ્ધારમૈયાની મોટી વાતો: "હું હાઈકમાન્ડનો વફાદાર"

રાજીનામું આપ્યા બાદ સિદ્ધારમૈયાએ એક ભરચક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી, જેમાં તેમની બાજુમાં ડી. કે. શિવકુમાર અને અન્ય કેબિનેટ સાથીઓ ઉપસ્થિત હતા. સિદ્ધારમૈયાએ જણાવ્યું કે, "બે દિવસ પહેલા હાઈકમાન્ડે મને પદ છોડવા કહ્યું હતું અને તે મુજબ મેં આજે રાજીનામું આપી દીધું છે. મને બે વાર કર્ણાટકની જનતાની સેવા કરવાની તક આપવા બદલ હું સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનો આભાર માનું છું." ૭૭ વર્ષીય નેતાએ ગર્વથી ઉમેર્યું કે તેઓ ક્યારેય સત્તા કે પૈસા પાછળ ભાગ્યા નથી અને તેમનું ૫૦ વર્ષનું રાજકીય જીવન એક ખુલ્લી કિતાબ જેવું રહ્યું છે. સિદ્ધારમૈયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હાથ જોડેલો ફોટો શેર કરીને જનતાનો આભાર માનતા લખ્યું: "થેંક યુ. તમારો પ્રેમ. તમારો વિશ્વાસ. મારી કાયમી તાકાત."

આગળ શું?

પ્રેસ કોન્ફરન્સ પૂરી થતાં જ સિદ્ધારમૈયા અને ડી. કે. શિવકુમાર બંને અલગ-અલગ ફ્લાઇટ દ્વારા દિલ્હી જવા રવાના થયા છે. દિલ્હીમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં નવી કેબિનેટની રચના, નવા ધારાસભ્ય પક્ષના નેતાની સત્તાવાર જાહેરાત અને શિવકુમાર મુખ્યમંત્રી બન્યા બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખનું પદ કોને સોંપવું, તે અંગે આગામી એક-બે દિવસમાં અંતિમ નિર્ણય લેવાશે.

ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ, બંને નેતાઓ વચ્ચે અઢી-અઢી વર્ષની 'રોટેશનલ ચીફ મિનિસ્ટર ફોર્મ્યુલા' ગોઠવાઈ હોવાની ચર્ચા હતી, જે આખરે આજે સાચી સાબિત થઈ છે.

દિલ્હી ડાયરી...

રાજકારણથી પર વ્યવસાયિક સંબંધો

તાજેતરમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમના રોકાણ સલાહકાર મુથુકૃષ્ણન ધંડપાણીની સોશિયલ મીડિયા પોસ્ટ પર ખૂબ જ રમૂજી જવાબ આપ્યો હતો. આ પોસ્ટમાં રાજકીય અને વૈચારિક મતભેદો હોવા છતાં વ્યાવસાયિક સંબંધોને માન આપવા બદલ કોંગ્રેસ નેતાના વખાણ કરવામાં આવ્યા હતા. ધંડપાણી, જેઓ ૨૦૧૩થી ગાંધીના રોકાણો સંભાળી રહ્યા છે, તેમણે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેઓ ૨૦૧૪થી ૨૦૨૪ સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત સમર્થક રહ્યા છે, પરંતુ તેનાથી તેમના કામકાજના સંબંધો પર કોઈ અસર પડી નથી. આ ઉપરાંત, તેમણે પોતાના રાજકીય વિચારોને વ્યાવસાયિક વ્યવહારોથી અલગ રાખવા બદલ ગાંધીની પ્રશંસા કરી હતી. ધંડપાણીની આ પોસ્ટનો જવાબ આપતાં ગાંધીએ તેને માત્ર હળવાશથી જ ન લીધો (જે તેમની શાંત રાજનીતિ અને ઉદારતા દર્શાવે છે), પરંતુ બિઝનેસના દૃષ્ટિકોણથી સંપૂર્ણ ગંભીરતા સાથે એક મજાક પણ કરી: "મુથુજી, તમારા રાજકીય વિચારો તમારા પોતાના છે - પણ કૃપા કરીને મારા રોકાણ પર વળતર ઝડપી બનાવો." આ ઘટનાએ ગાંધીના સાચા વ્યક્તિત્વને તેમના સંપૂર્ણ વ્યાવસાયિક અને બધાને સાથે લઈને ચાલવાના અભિગમને સામે લાવ્યું છે. પોતાની રાજકીય સંલગ્નતા અને મોદી માટેના સમર્થનને જાહેરમાં પ્રમાણિકપણે સ્વીકારવા બદલ ધંડપાણીને પણ શ્રેય આપવો જ જોઈએ. રાજકારણ અને વ્યવસાયિક બાબતોને એકબીજાથી કેવી રીતે અલગ રાખવા જોઈએ તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

નિરાધારોના પુનર્વસન માટે દિલ્હી સરકારની વિશેષ ઝુંબેશ

દિલ્હી સરકારે તાજેતરમાં નિરાધાર વ્યક્તિઓ માટે પાંચ દિવસીય બચાવ અને સેવા અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાન ૧૧ મેથી ૧૫ મે સુધી ચાલ્યું હતું. સામાજિક કલ્યાણ મંત્રી રવિન્દર ઇન્દ્રજ સિંહે જણાવ્યું હતું કે, આ ઝુંબેશનું આયોજન સામાજિક કલ્યાણ વિભાગ, 'અપના ઘર આશ્રમ' અને 'સેવા ભારતી દિલ્હી પ્રાંત' દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું કે જરૂરિયાતમંદ, લાચાર અને નિરાધાર વ્યક્તિઓ માટેનું આ અભિયાન દિલ્હીના તમામ ૧૩ જિલ્લાઓમાં ચલાવવામાં આવ્યું હતું, જેનો હેતુ નિરાધાર લોકોને બચાવીને આશ્રયગૃહોમાં લાવવાનો છે, જ્યાં તેમની સારવાર, સંભાળ અને પુનર્વસન માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

સેલો વર્લ્ડ લિમિટેડ
(આ પહેલા સેલો વર્લ્ડ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)
રજિ. ઑફિસ: 597/2એ, સોમનાથ રોડ, દાભેલ, નાની દમણ, 396210, દમણ અને દીવ.
સીઆઈએન: L25209DD2018PLC009865 **સંપર્ક નં.:** +91 22 6997 0000
વેબસાઈટ: www.corporate.celloword.com **ઈ-મેઈલ:** grievance@celloworld.com

31 માર્ચ, 2026 ના પૂરાં થતા ત્રૈમાસિક અને વર્ષ માટેના તપાસેલ નાણાકીય પરિણામો

તપાસેલા નાણાકીય પરિણામો (અલગ અલગ અને એકીકૃત) સહિત 31 માર્ચ, 2026 ના રોજ પૂર્ણ થયેલ ત્રૈમાસિક અને વર્ષ માટેનો સ્ટેચ્યુટરી ઑડિટરનો ઑડિટ રિપોર્ટ, જે સેબી (લિસ્ટિંગ ઑબ્લિગેશન્સ ઍન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેંટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 33 હેઠળ સ્ટૉક એક્સચેંજ સાથે ફાઈલ કરેલ છે તે ઑડિટ કમિટી દ્વારા સમીક્ષા કરાયેલ છે અને બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ દ્વારા 27 મે, 2026 ના રોજ યોજાયેલી તેમની સભામાં મંજૂર કરાયેલ છે.

તપાસેલા નાણાકીય પરિણામો (અલગ અલગ અને સંગઠિત) નું સંપૂર્ણ ફોર્મેટ સ્ટેચ્યુટરી ઑડિટરના ઑડિટ રિપોર્ટ સહિત કે જે બીએસઈની વેબસાઈટ www.bseindia.com તેમ જ નૅશનલ સ્ટૉક એક્સચેંજ લિમિટેડની વેબસાઈટ www.nseindia.com તેમ જ કંપનીની વેબસાઈટ www.corporate.celloworld.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન 47 નું પાલન કરતા, અમે આ દ્વારા સૂચિત કરીએ છીએ કે આને તમે નીચે આપેલો ક્વિક રિસ્પોન્સ (ક્યૂઆર) કોડ સ્કૅન કરીને પણ મેળવી શકો છો.

બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ માટે અને વતી
સેલો વર્લ્ડ લિમિટેડ
સહી/-
પંકજ જી. રાઠોડ
જોઈન્ટ મૅનેજિંગ ડાયરેક્ટર
DIN: 00027572

સ્થળ: મુંબઈ
તારીખ: 27 મે, 2026

જાહેર નોટીસ

જી.સુરત તા. ઓલપાડના ગામ મોજે : ઓભલાના રે.સ./બ્લોક નં. ૩૪ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન, જેનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૮-૬૪-૦૧ યાને ૮૬૪૦૧ ચો.મી. છે, જેનો આકાર રૂા. ૧૧૪.૦૬ છે તથા તેનો ખાતા નં.૫૦ છે તે જમીન શ્રી સુરત પાંજરાપોળ ટ્રસ્ટની માલિકિની ચાલી આવેલ છે. સદરહુ જમીન અંગે કહેવાતા ગણોતીયા મહેન્દ્રભાઈ નાનુભાઈ વિગેરે ત્રાહિત વ્યક્તિઓ જોડે સોદો કરવાની પેરવી કરતા હોવાનું માલુમ પડેલ છે. સદર જમીન ટ્રસ્ટની માલિકીની છે અને તેનો કાયદેસરનો કબજો પણ ટ્રસ્ટનો ચાલી આવેલો છે. સદરહુ જમીન અંગે ટેનન્સી કાયદાની કલમ ૮૮-બી અન્વયેનું પ્રમાણપત્ર મળેલ છે. જેથી પણ કહેવાતા ગણોતીયાઓનો સદરહુ જમીનમાં કોઈ હક્ક નથી. તે સંજોગોમાં જાહેર જનતાને જણાવવાનું કે મજકુર જમીન અંગે કહેવાતા ગણોતીયાઓ જોડે કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહીં અને કરવામાં આવશે તો તે હમો ટ્રસ્ટને બંધનકર્તા રહેશે નહીં.

શ્રી સુરત પાંજરાપોળ,
ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેનીંગ સેન્ટર સામે,
ઘોડદોડ રોડ, સુરત - ૩૯૫૦૦૧
મો. ૯૩૭૭૬ ૦૨૩૭૦

વિરેન એસ. દવે
તે શ્રી સુરત પાંજરાપોળ ટ્રસ્ટના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, બારડોલી સબ-ડીસ્ટ્રીક્ટના મોજે ગામ-**પથરાડીયા**ના સર્વે નં.૧૬/૩/૨પી+૨૫/૪પી, બ્લોક નં.૫૮, **જેનો ખાતા નં.૨૮૬, જેનુ ક્ષેત્રફળ: ૦-૯૨-૦૭ હે.આરે.ચોમી,** જેનો આકાર **રૂા. ૧૩.૧૨ પૈસા** વાળી જુની શરતની જમીન **ભરતસિંહ જિતેન્દ્રસિંહ દેસાઈ, દિનેશભાઈ અરજણભાઈ ગિનિયા**ની સહિયારી માલીકી, કબજા-ભોગવતા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકત તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મિલકતમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હકક-હિસ્સો, દર-દાવો તેમજ લેણું હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના તેવા હક્કો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૯-૦૫-૨૦૨૬
ઓફિસ : ૩૧૪, ૩૧૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ,
બીજા માળે, સચીન સ્ટેશન,
તા. ચોર્યાસી, જી. સુરત.
મોબાઈલ નં. : ૯૮૨૫૫ ૭૭૬૬૦.
ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે **મોજે.મોરથાણા, તા.કામરેજ, જી.સુરતનો ખાતા નં.૯૮૯, જુનો બ્લોક નંબરઃ૯૨, નવો બ્લોક નંબરઃ ૩૮/૨/૨ જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૮-૮૨ ચો.મી.** પૈસા વાળી જુની શરતની જરાયત ખેતીની જમીનના મુળ માલીક/ખેડુત/કબજેદાર/ તરીકે **૧. ૧.ગીરીષભાઈ ગુણવંતભાઈ, ૨. ચંદનબેન ગુણવંતભાઈ પટેલ, ૩. ઈલાબેન ગુણવંતભાઈ પટેલ, જેઓ રહેવાસી : મોરથાણા તા.કામરેજ,સુરતના, સંયુકત** નામે ચાલે છે .જેઓ સદર જમીન પ્રત્યક્ષ માલીકી,કબજા,વહીવટ,વ્યવસ્થા, હેઠળની હોવાનુ તેમજ નકરજી નબોજી,ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી આવેલ હોવાનુ જણાવી અમારા અસીલ ને **કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. પૈકી ૦-૨૩-૭૮ ચો.મી.** વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીન ઉપર અન્ય ભાગીદારો, વારસદારો,વ્યકિત, સંસ્થા,મંડળી, બેંક વિગેરે કોઈને કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક, હિસ્સો, દર-દાવો, વાંધો-હરકત, હિત-સંબધ, બોજો હોય તો તે અંગે આ નોટીસની તારીખથી દિન ૭ માં અમોને લેખિતમાં પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે અમારા અસીલ સદરહું જમીનનો રજીસ્ટર પાકો દસ્તાવેજ અવેજ ચુકવી ટુક સમયમાં કરાવી લેનાર છે. ત્યારબાદ સદરહું જમીન અંગે કોઈનાં કોઈપણ જાતના વાંધા તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત - સમીર બી. ઘરીયા - એડવોકેટ એન્ડ નોટરી
લક્ષ્મી રેસીડન્સી બીજો માળ, કામરેજ ચારરસ્તા, જી. સુરત.
(મો.) ૯૯૧૩૪-૩૧૬૫૦

ખરીદનાર સાવધાન

શહેર સુરતનાં લાલ દરવાજા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૭, નોંધ નં.૩૫૬/અ/૧/અ/૧,નોંધ નં.૩૫૬/અ/૧/અ/૨,નોંધ નં.૩૫૬/અ/૧/અ/૩, નોંધ નં.૩૫૬/અ/૧/અ/૪ તથા નોંધ નં.૩૫૬/અ/૧/અ/૫ થી નોંધાયેલી મિલકતો અંગે જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ સીટી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં લાલ દરવાજા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૭, નોંધ નં. ૩૫૬/અ/૧/અ/૧, નોંધ નં. ૩૫૬/અ/૧/અ/૨, નોંધ નં. ૩૫૬/અ/૧/અ/૩, નોંધ નં. ૩૫૬/અ/૧/અ/૪ તથા નોંધ નં. ૩૫૬/અ/૧/અ/૫ થી નોંધાયેલી મિલકતો મેનાબેન કરસનભાઈ પટેલ તથા તમામ મિલકત માલિકોએ હમારા અસીલો (૧) "જેમ્સ" નાં પ્રોપ્રાયટર શબ્બીર જાફરભાઈ લોખંડવાલા તથા (૨) ફાતેમા શબ્બીર લોખંડવાલા નાઓને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. હમારા અસીલોએ ઘણી મોટી રકમ મજકુર માલિકોને ચુકવી આપેલ છે. હમારા અસીલો હર હંમેશ બાકીનો અવેજ ચુકવી આપવા રાજીખુશી અને તૈયાર છે. જમીન માલિકો સાથે નકકી થયેલ શરત મુજબ જમીન માલિકોએ અશાંતધારા હેઠળ પરવાનગી મેળવવા માટે કાર્યવાહી કરેલ છે, જે અંગેનો તમામ ખર્ચ હમારા અસીલોએ નિભાવેલ છે.

હાલ જમીન માલિકોની દાનત હમારા અસીલોએ ચુકવી આપેલ રકમ હડપ કરી જવાની છે અને હમારા અસીલો સાથે થયેલ સોદામાંથી ફરી જવાની છે. મજકુર જમીન માલિકો સદરહું મિલકતો અન્યોને વધુ અવેજ બદલ વેચાણ આપવા પેરવી કરતા હોવાનું હમારા અસીલોને જાણકારી મળેલ છે.

હમારા અસીલો ટુંક સમયમાં જમીન માલિકો સામે ફોજદારી રાહે તેમજ દિવાની રાહે કાર્યવાહી કરનાર છે.

હમારા અસીલોનાં સદરહું મિલકતો ખરીદ કરવાનાં હક્કો પ્રસ્થાપિત થયેલા છે અને તેવા હકકો આજે પણ અસ્તિત્વમાં અને અમલમાં છે.

સદરહું મિલકતો અંગે જમીન માલિકો સાથે કોઈએ કોઈપણ જાતનો વહેવાર કરવો નહીં. વહેવાર કરનારને કોઈ હકક પ્રાપ્ત થશે નહીં અને કાનુની પ્રકરણમાં સંડોવવું પડશે તેની આથી સર્વેએ નોંધ લેવી.

સ્થળ-સુરત.
તારીખ : ૨૮/૦૫/૨૦૨૬.
આ જાહેર ચેતવણી હમારી સુચનાથી આપવામાં આવેલ છે.
"જેમ્સ" નાં પ્રોપ્રાયટર
(શબ્બીર જાફરભાઈ લોખંડવાલા)
Fatema S. Lokhandwala
(ફાતેમા શબ્બીર લોખંડવાલા)

જતિન જે.ગાંધી, શૈલેષ વી. જાદવાણી તથા અભિષેક એમ. પંજાબી (એડ્વોકેટ્સ)
તે "જેમ્સ" નાં પ્રોપ્રાયટર શબ્બીર જાફરભાઈ લોખંડવાલા તથા ફાતેમા શબ્બીર લોખંડવાલાનાં વકીલશ્રી)
સરનામું : ૪૦૧, સાયગોન , સ્ટારબકસ નાં માળ પર સિટીલાઈટ રોડ, સુરત- ૩૯૫૦૦૭

જાહેર નોટીસ-ચેતવણી

આથી અમો **કાળુભાઈ ડી. મકવાણા** રહે. ૨૦-૨૧, રૂમ નં. ૩, ગ્રાઉન્ડ ફલોર, અવધ પાર્ક સોસાયટી, ડભોલી રોડ, કતારગામ, સુરતના આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે અમારો પુત્ર નામે **મયૂરભાઈ કાળુભાઈ મકવાણા** ઉ.વર્ષ-૨૩, છેલ્લા બે થી ૩ વર્ષથી અમારા કહયામાં નથી, અમોએ તેની સાથે અમારા તમામ સંબંધો, વ્યવહારો તોડી નાખેલા છે. આથી અમારા સગા સંબંધી કે લાગતા વળગતાઓએ તેમની સાથે નાણાંકીય કે કોઈ પણ જાતનો વહીવટ-વ્યવહાર કરવો નહી. જે આ જાહેર નોટીસ કમ ચેતવણીથી જાણ કરીએ છીએ. તેમ છતા કોઈપણ વ્યકિત, શખ્સ કે સંસ્થા **મયૂરભાઈ કાળુભાઈ મકવાણા** સાથે કોઈપણ જાતનો નાણાંકીય વહીવટ વ્યવહાર કરે અને તેથી તેને કોઈપણ પ્રકારે આર્થિક નુકશાન થાય કે તેઓના હિત જોખમાય તેમા અમારી કે અમારા ઘરના સભ્યોની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહી. **મયૂરભાઈ કાળુભાઈ મકવાણા** સાથે અમારે કોઈ લેવા દેવા નથી તેમજ તેને અમોએ અમારી તમામ સ્થાવર તથા જંગમ મિલકતો માંથી કાયમ માટે બેદખલ કરેલ છે. જેની આથી લગતા વળગતાઓએ નોંધ લેવી.

૨૦-૨૧, રૂમ નં. ૩, ગ્રાઉન્ડ ફલોર,
અવધ પાર્ક સોસાયટી, ડભોલી રોડ,
કતારગામ, સુરત.

મારી સુચના અન્વયે
કાળુભાઈ ડી. મકવાણા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત.-૩૯૫૦૦૭.
Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

ઘાસ કાપીને લઈ જવાના કામની ટેન્ડર નોટીસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૭ તરફથી કેમ્પસની ખાલી રહેતી જમીનમાં ઉગતું ઘાસ કાપીને લઈ જવાના કામ માટેનું ટેન્ડર મંગાવવામાં આવે છે. પ્રસ્તુત ટેન્ડર તા. ૩૦.૦૫.૨૦૨૬ થી તા. ૧૫.૦૬.૨૦૨૬ સુધીમાં ૧૧.૦૦ થી ૪.૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ટેન્ડર ફી ની રકમ રૂા. ૬૦૦/- + ૧૮% લેખે GST ના રૂા. ૧૦૮/- મળી કુલ રૂા. ૭૦૮/- રોકડા હિસાબી વિભાગમાં જમા કરાવ્યેથી બાંધકામ વિભાગમાંથી મળી શકશે. પ્રસ્તુત ટેન્ડર તા. ૨૨.૦૬.૨૦૨૬ ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/- ના બેંક ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ટપાલ મારફત યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે રદ કરવું તેની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીની રહેશે. અન્ય વિગતો ટેન્ડર સાથે આપવામાં આવશે.

-Sd-
યુનિવર્સિટી એન્જીનીયર

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકો માંગરોલના **મોજે ગામ વેલાછાના ખાતા નંબરઃ ૮૦૪, રેવન્યુ સર્વે નંબરઃ ૩૬૫ (જુનો રેવન્યુ સર્વે નંબર : ૨૯૪)** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે.૧-૫૧-૮૮ ચો.મી. યાને ૧૫૧૮૮ ચો.મી. તથા જેનો આકાર રૂા.૧૫-૩૮ પૈસા છે, તે જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, અધિકાર સહીત તથા તેમાં આવેલ ઝાડ, બીડ, શેઢા સહીતની જમીન તથા પરાપુર્વથી ચાલી આવતા રસ્તાનાં તેમજ પાણી નિકાલના હકકો તથા મૂળ હકકો સહિત સંપુર્ણ મિલકતના માલીક **નવીનચંદ્ર હીરાલાલ શાહ** સદરહુ જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, અધિકાર સહિતની મિલકત પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની, બોજા રહિત, ચોખ્ખા ટાઈટલ હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ અમારા અસીલની **સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે જે કોઈ ઈસમ, સંસ્થા કે મંડળીના સદરહુ જમીન પર સીધા/આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોઈ કે સુચિત વ્યવહાર સામે કાંઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ **પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭(સાત)**ની મુદ્દતમાં પુરાવા સહીત વકીલશ્રીની ઓફિસનાં સ્થળે લેખિત જાણ કરવી. મુદ્દત દરમ્યાન કોઈ ઈસમ, સંસ્થા કે મંડળીનો કોઈ કલેઈમ કે વાંધા મળશે નહીં તો મુદ્દત વિત્યે તેવા કોઈ ઈસમ, સંસ્થા કે મંડળીના કોઈ કલેઈમ કે વાંધા નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે, મુદ્દત વિત્યે કોઈ ઈસમ, સંસ્થા કે મંડળીના કોઈપણ પ્રકારના કલેઈમ, વાંધા કે તકરાર ધ્યાને લેવાશે નહીં અને ત્યારબાદ જો કોઈપણ ઈસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઈપણ પ્રકારના દાવા-દુવી, તર-તકરારો કે વાંધા-વિરોધો ઉભા કરવા/કરાવવામાં આવશે તો આવેલ દાવા-દુવી, તર-તકરારો કે વાંધા-વિરોધો હમારા અસીલ ધ્યાને લેશે નહીં તેમજ તેવા દાવા-દુવી, તર-તકરારો કે વાંધા-વિરોધો કાયદેસર રદ જાહેર થશે. તથા તેવા કોઈ ઈસમ, સંસ્થા કે મંડળીને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સીવાય સદરહુ જમીનમાં હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહી. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૯-૫-૨૦૨૬ સુરત **મારા અસીલની સુચના અને સંમતિથી ઉપરોકત વિધાન આપેલ છે.**

ઓફિસઃ- ૧૨૨, એકસલન્ટ બીઝનેસ હબ,
વિનસ હાસ્પિટલની સામે, લાલ દરવાજા મેઈન
રોડ, સુરત-૩૯૫૦૦૩. મો.નંબરઃ ૯૮૨૫૨ ૮૬૭૪૫

મારી મારફત
અશોકકુમાર એમ.પાંચોટીયા
(એડવોકેટ એન્ડ નોટરી)

વેચાણ સોદો કેન્સલ કર્યા અંગેની નોટીશ

નવસારી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ પલસાણા તાલુકાના મોજેઃ ગામ સોયાણીના જુના રે.સ.નં. ૨૭૬ નો બનેલ બ્લોક નં. ૩૦૭/બી ની ૦૧-૫૨-૨૬ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળવાળી ખેતીની જુની શરતની જમીનના મુળ માલિક કબજેદાર (૧) મનસુખભાઈ તે રમણભાઈ જેરામભાઈ પટેલના પુત્ર, (૨) ચંદ્રકાંત તે રમણભાઈ જેરામભાઈ પટેલના પુત્ર, (૩) બળવંતભાઈ તે રમણભાઈ જેરામભાઈ પટેલના પુત્ર, (૪) દિલીપભાઈ તે રમણભાઈ જેરામભાઈ પટેલના પુત્ર અને (૫) હેમલતા ઉર્ફે વિશાખાબેન તે રમણભાઈ જેરામભાઈ પટેલની પુત્રીઓના સંયુકત નામે તથા પ્રત્યક્ષ કબજે ચાલે છે. મજકુર જમીનના ટાઈટલ અંગે સ્પષ્ટતા માટે "વેચાણ અંગેની જાહેર નોટીશ" સુરતથી પ્રસિધ્ધ થતા "ગુજરાતમિત્ર" વર્તમાનપત્રમાં તા. ૯-૫-૨૦૨૬ ના રોજ વેચાણ રાખવાનું નક્કી કરનારે તેમના એડવોકેટ ગૌતમ બી. કાછડીયા, સુરતનાઓ મારફત આપેલ, જે નોટીશના સંદર્ભમાં હમારા અસીલના જણાવ્યા મુજબ વેચાણ રાખનાર સાથે નક્કી થયા મુજબની તારીખે વેચાણ રાખનારથી નાણાંની ચુકવણી ન થતા તા. ૭-૫-૨૦૨૬ ના રોજ મજકુર બ્લોક નં. ૩૦૭/બ વાળી જમીનનો નક્કી કરેલ વેચાણ અંગેનો સોદો આથી "કેન્સલ" કરેલ છે. જે અંગે મજકુર જમીન વેચાણ રાખનારે હમો નીચે સહી કરનારના એડવોકેટની ઓફિસમાં રૂબરૂમાં તા. ૨૮-૫-૨૦૨૬ ના રોજ હાજર રહી સમજુત મેળવેલ છે. જેથી તા. ૭-૫-૨૦૨૬ ના રોજ કરેલ જમીનનો સોદો કેન્સલ કરેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નવસારી, મારી મારફત,
તા. ૨૮-૦૫-૨૦૨૬

અસીલ મજકુરની સૂચનાથી,
નિખિલ એ. દેસાઈ (એડવોકેટ)

સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ સામે, સાંઢકુવા પોલીસ ચોકી પાસે, માણેકલાલ રોડ, સાંઢકુવા, નવસારી, તા. જી. નવસારી - ૩૯૬૪૪૫. મો.: ૯૮૨૪૧ ૫૫૦૫૬

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત જિલ્લાના તાલુકા સુરત સીટીના ગામ મોજે અડાજણના રે.સ.નં. ૨૦૬ તથા ૨૦૭, ટી.પી. સ્કીમ નં. ૧૨ (અડાજણ) ના ફાઈનલ પ્લોટ નં. ૧૨૦ પૈકી તથા રે.સ.નં. ૨૦૯/૨, ટી.પી. સ્કીમ નં. ૧૨ (અડાજણ) ના ફાઈનલ પ્લોટ નં. ૧૧૯ પૈકી વાળી જમીનો એકત્ર કરી તેના ઉપર આયોજીત "સન રેસીડન્સી" ના નામથી ઓળખાતી રહેણાંકની યોજનામાં આવેલ બિલ્ડીંગો પૈકી "ડી" બિલ્ડીંગના ચોથા માળ ઉપર આવેલ ફલેટ નંબર : ડી/૪૦૨ વાળી મિલકત, જેનું બિલ્ટઅપ એરિયા મુજબ ક્ષેત્રફળ સુમારે ૧૩૭૭ સ.ચો.ફૂટ યાને ૧૨૭.૯૭ સ.ચો.મી. છે. તે સદરહુ મિલકતના માલિક (૧) ડો. વિમલકુમાર બાબુભાઈ જરીવાલા તથા (૨) મિનલ વિમલકુમાર જરીવાલાએ મજકુર મિલકત તેઓની સંયુકત માલિકી કબજા ભોગવટા, વપરાશમાં ચાલી આવેલ હોવાનું તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત ઉપર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, નાણાંકીય સંસ્થા યા અન્ય કોઈપણ વ્યકિત યા ઈસમનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો ચાલી આવેલ હોય તો તેઓ આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૭ (સાત)**માં અમારા અસીલ તરફે અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરશો. તેમ ન થતા મુદત બાદ, કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, દર-દાવો, કબજો- ભોગવટો ન હતો અને નથી તથા જો હોય તો તે છોડી દીધેલ છે તેમ સમજી અમારા અસીલ મજકુર વેચનારને કિંમતી વેચાણ અવેજ ચૂકવી તેઓ પાસેથી વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર ચાલી શકશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૯/૦૫/૨૦૨૬

અસીલની સૂચનાથી **મનીષ સી. મહેતા** તથા **અમીષ સી. મહેતા**
એડવોકેટ્સ એન્ડ નોટરી
ઓફિસ : ૩૧૧, વુડ સ્કવેર, વેલોસીટી બિલ્ડીંગની સામે, અડાજણ, સુરત. (મો.) : ૯૮૨૫૬ ૮૫૨૫૪

જાહેર નોટીસ - ચેતવણી

જી.સુરત, તા.કતારગામ, ગામ વરીયાવ, બ્લોક નં.૧૩૪૪ વાળી નવી શરતની જમીનના અમારા અસીલ **નાનીબેન છગનભાઈ તથા ગંગાબેન છગનભાઈ સહમાલિક** મુખત્યાર ચાલી આવેલ છે. અમારા અસીલોને તથા તેમના કુટુંબીઓને અંધારામાં રાખીને મર્હુમ ભાણાભાઈ છગનભાઈ તથા સુરજબેન અંબુભાઈ, રમેશભાઈ અંબુભાઈ, દિનેશભાઈ અંબુભાઈ, લતાબેન અંબુભાઈ, ભગવતીબેન અંબુભાઈનાઓએ કોઈપણ જાતની અવેજની આપલે કર્યા વગર વારસાઈ કરાવી નામ દાખલ કરવાનું અમારા અસીલને જણાવી સદર જમીનમાંથી અમારા અસીલની જાણ બહાર હકક જતાનો લેખ તા.૦૫.૦૯.૨૦૧૩ ના રોજ કરાવી લીધેલો અને તે લેખ સને ૨૦૨૨ સુધી યાને **૯ વર્ષ સુધી છુપાવી રાખેલો.** તે લેખની ૧૩૫-ડી ની નોટીસ મળતા અમારા અસીલે એ લેખની નોંધ વિરૂદ્ધ વાંધા અરજી આપેલી તેમજ તે લેખ રદ કરાવવા મહે.સુરતના પ્રિન્સીપાલ સીવીલ જડજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૨૫૪/૨૦૨૨ નો દાવો નોંધાવેલ છે. તેમ છતાં ચાલુ દાવે ઉપર જણાવેલ મર્હુમ ભાણાભાઈ છગનભાઈના વારસો વગેરેઓએ સદર જમીન **અરવિંદભાઈ દેવશીભાઈ પાવસીયા, મધુબેન અરવિંદભાઈ પાવસીયા, ઘનશ્યામભાઈ મોહનભાઈ ભીંગરાડીયા, સવિતાબેન ઘનશ્યામભાઈ ભીંગરાડીયા તથા પ્રફુલભાઈ મગનભાઈ પટેલ** નાઓને વેચાણ કરેલી જેથી સીવીલ દાવામાં તેઓને પણ પક્ષકાર તરીકે સામેલ કરવામાં આવેલા છે અને તેમનો વેચાણ દસ્તાવેજ રદ કરવાની તથા તેમની સામે મનાઈ હુકમ મેળવવાની માંગણી કરવામાં આવેલી છે, જે દાવો પેન્ડિંગ છે તેમજ રમેશભાઈ અંબુભાઈ વગેરેનાએ દાવાની હકીકત છુપાવી કલેકટરશ્રી સુરત પાસેથી હેતુફેરની પરવાનગી મેળવેલી તેમજ ત્યારબાદ સદર જમીન વેચાણ કરેલી. જેથી સદર જમીન બાબતે હકક કમીની નોંધ, વેચાણની નોંધ તથા હેતુફેરના હુકમ બાબતે નીચે મુજબના રેવન્યુ કેસો નીચે મુજબની કોર્ટમાં પેન્ડિંગ છે તેમજ અમારા અસીલોએ સદર જમીન બીનખેતી થવા સામે વાંધા અરજી આપેલી છે, તેમજ સદર જમીનના પ્લાન મંજુર થવા સામે વાંધા અરજી આપેલી છે તથા સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્રને પણ વાંધા અરજી આપેલી છે અને બેંકોને પણ વાંધા અરજી આપનાર છે.

ક્રમ	કોર્ટનું નામ	કેસ નંબર
૧	કલેકટરશ્રી, સુરત	SURAT/RTS-Revision/2025/457
૨	એસ.એસ.આર.ડી., ગુજરાત	SURAT/HKP/ST/2023/62
૩	એસ.એસ.આર.ડી., ગુજરાત	SURAT/HKP/ST/2023/118
૪	એસ.એસ.આર.ડી., ગુજરાત	SURAT/BKP/ST/2025/11
૫	એસ.એસ.આર.ડી., ગુજરાત	SURAT/HKP/ST/2026/114
૬	મહે.સુરતના પ્રિન્સીપાલ સીવીલ જડજ સાહેબની કોર્ટ	રે.દિ.મુ.નં. ૨૫૪/૨૦૨૨

સદર જમીન તકરારી જમીન છે. સદર જમીન ટાઈટલ કલીયર જમીન નથી. જેથી પ્રોજેકટનું કોઈ નામ રાખવામાં આવેલું નથી. આમ, લેભાગુ અને જાતે કરીને જોખમ ઉભુ કરનાર વ્યકિત પાસેથી માત્ર ૭/૧૨ ના આધારે કોઈએ પણ જમીન પ્લોટ ખરીદવા હિતાવહ નથી. આમ, કોઈ વ્યકિત આ શખ્સથી છેતરાઈ ન જાય તેથી આમજનતાને ચેતવણી આપવા માટે આ જાહેર નોટીસ-ચેતવણી પ્રસિધ્ધ કરવાની ખાસ ફરજ પડેલ છે.

ઠે. ૨૦૧, રોમન પોઈન્ટ,
હિરાબાગ, વરાછા રોડ,
સુરત.

આર.વી.કોરાટ
તે રે.દિ.મુ.નં.૨૫૪/૨૦૨૨ ના દાવાના વાદીના એડવોકેટ તથા રેવન્યુ કોર્ટમાં અરજદારના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, જિલ્લે : સુરત, તાલુકે : મજૂરા, મોજે ગામ : બમરોલીના રેવન્યૂ સર્વે/બ્લોક નંબરઃ ૮૬/અ વાળી જમીન જેને ટી.પી. સ્કીમ નંબર :૭૨ (બમરોલી) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નંબર : ૮૨/એ તથા ૮૨/બી ફાળવવામાં આવેલ છે.રેવન્યૂ દફતરે ચાલતા જમીન માલિકો પૈકી ભાણાભાઈ નરસિંહભાઈ, રતિબેન નરસિંહભાઈ તથા મરહુમ અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલ તેમજ મરહુમ ચંપાબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની વિધવાના વારસદારો કાજલબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની પુત્રી તથા મહેશભાઈની પત્ની, સારીકાબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની પુત્રી તથા કમલેશકુમારની પત્ની, ચૈતાલીબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની પુત્રી તથા બંટીભાઈની પત્ની, તૃપ્તિબેન અરવિંદભાઈ પટેલ, સેફાલીબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની પુત્રી તથા અમૃતભાઈની પત્ની, નેહલકુમાર અરવિંદભાઈ પટેલ તથા જીયાબેન તે અરવિંદભાઈ નરસિંહભાઈ પટેલની પુત્રીએ પોતાનો વણવહેંચાયેલ હિસ્સો મારા અસીલને વેચાણ આપવા નક્કી કર્યું છે. જે અંગે જે કોઈ વ્યક્તિને વાંધો યા તકરાર હોય તો તેમણે પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૧૦ માં હમોને જાણ કરવી. મુદત વિત્યા બાદ મારા અસીલ પાકા રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી - કરાવી લેશે. ત્યાર બાદ કોઈ પણ વ્યક્તિની કોઈ પણ તર - તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં, જેની નોંધ લેશો.

અલકેશ ગાંધી તે ખરીદનારના એડવોકેટ
ઠેકાણું : ૭૯, નર્મદનગર સોસાયટી, આદર્શ ભવન હોલ પાસે, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૩૭૪૭-૧૩૧૪૨.

-:: જાહેર ચેતવણી અંગેનો ખુલાસો ::-

તા. ૨૫-૦૫-૨૦૨૬ ના રોજ એડવોકેટ રાહુલ એમ. પટેલે તેઓના અસીલ જયેશ મંગળભાઈ પટેલ તરફે અન્ય જમીનો ઉપરાંત મોજે : ડુમસના સર્વે નં. ૫૯ તથા ૫૩+૫૪ થી નોંધાયેલી જમીન બાબતે પણ જયેશ મંગળભાઈ પટેલના તા. ૧૮-૦૭-૨૦૨૪ ના રોજના કરારની રૂએ હક્ક ચાલી આવેલા છે તેવું જણાવી સદરહુ જમીન કોઈએ રાખવી નહીં તેવી જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલી અને રેગ્યુ. દિ. મુ. નં. ૫૬ / ૨૦૨૬ ના દાવાનો પણ જાહેર ચેતવણીમાં ઉલ્લેખ કરેલો. પરંતુ ડુમસના સર્વે નં. ૫૯ તથા સર્વે નં. ૫૩+૫૪ બાબતની જયેશ મંગળભાઈ પટેલની તકરારોનો નિકાલ થઈ ગયો છે. તેથી તે સર્વે નંબર પૂરતી જયેશ મંગળભાઈ પટેલ સદર જાહેર ચેતવણી ઉપરોક્ત જમીનો પૂરતી બિનશરતી પરત ખેંચી લઈએ છીએ અને તે જમીનો અંગે જયેશ મંગળભાઈ પટેલની કોઈ તકરાર પેન્ડીંગ નથી તેવું જાહેર ખુલાસાથી કબૂલ રાખીએ છીએ. જયેશ મંગળભાઈ પટેલે કરેલા રેગ્યુ. દિ.મુ.નં.૫૬ / ૨૦૨૬ ના દાવામાંથી પણ સદરહુ જમીનો જયેશ મંગળભાઈ પટેલે કમી કરાવવાની છે, તેની પણ જયેશ મંગળભાઈ પટેલ જાહેર ખુલાસાથી બાંહેધરી આપે છીએ. બાકીની જમીનો એટલે કે ડુમસના સર્વે નંબર : ૬૪૬, ૬૪૭ પૂરતી જયેશભાઈ મંગળભાઈ પટેલની તકરાર યથાવત રાખવામાં આવી છે.

મારી મારફત :-
અલકેશ ગાંધી (એડવોકેટ),
ઠેકાણું : ૭૯, નર્મદનગર સોસાયટી,
આદર્શ ભવન હોલ પાસે, અઠવાલાઈન્સ,
સુરત. મો. ૯૩૭૪૭-૧૩૧૪૨.

સહી/-
જયેશ મંગળભાઈ પટેલ

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ
સુરત શાખા : પ્લોટ નં. ૬૬૮/બી અને ૬૬૮/સી, પહેલો માળ, વામા હાઉસ, રીંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત -૩૯૫૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જયારે **ઉધારકર્તા : શ્રી લાલજી કનૈયાલાલ યાદવ S/o શ્રી કનૈયાલાલ યાદવ, સહ-ઉધારકર્તા : (૧). શ્રીમતી રીના લાલજી યાદવ W/o શ્રી લાલજી કનૈયાલાલ યાદવ, (૨). શ્રી કમલેશકુમાર યાદવ S/o શ્રી કનૈયાલાલ યાદવ અને જામીનદાર : શ્રી મુકેશકુમાર અમૃતલાલ યાદવ S/o શ્રી અમૃતલાલ યાદવ એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ, સુરત શાખા** પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ **તા. ૨૫.૦૩.૨૦૨૫** ના રોજ સરફેસી એકટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમાં **લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૧૧૦૫** દ્વારા નોટીસમાં ઉલ્લેખિત રકમ **તા. ૨૨.૦૩.૨૦૨૫ ના રોજ અનુક્રમે રૂા. ૯,૬૭,૭૦૪/-** વત્તા ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે ચુકવવા માટે કહેવામાં આવેલ છે, જેમાં ઉપરોકત નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર ભરી જવા જણાવેલ છે.

ઉધારકર્તા અને સહ-ઉધારકર્તાઓએ ઉપરોકત માંગણી નોટીસમાં જણાવ્યા મુજબ કંપનીને બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ **તા. ૨૭.૦૯.૨૦૨૫** ના રોજ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ કબજો જારી કરીને નીચે આપેલા શિડયુલમાં વધુ સંપૂર્ણ રીતે વર્ણવેલ મુકરર મિલકતોનો કબજો લીધો છે.

ઉધારકર્તાઓએ તેમની બાકી રકમ સંપૂર્ણ ચુકવવામાં નિષ્ફળ જતા, મુકરર દેવાદાર, **રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડે કંપનીને** બાકી રકમ ચુકવવા માટે કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ **"જેમ છે ત્યાં છે"** અને **"જેમ છે જે છે તે મુજબ"** માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે. **લોન એકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૦૦૦૧૧૦૫ દ્વારા ઉધારકર્તાની તા. ૦૬.૦૫.૨૦૨૬ ના રોજ રૂા. ૧૧,૨૨,૦૬૫/- હેઠળ છે.**

ઈ-હરાજીની તારીખ/સમય : ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એકસટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૨૯/૦૬/૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૯૪, જેનું આશરે ક્ષેત્રફળ ૫૨.૫૫ સ્કે. યાર્ડ. અને કેજેપી મુજબનો બ્લોક નં. ૧૬૩/બી/૯૪, ક્ષેત્રફળ ૫૩.૯૪ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો રોડ અને સીઓપીનું આશરે ક્ષેત્રફળ ૨૯.૫૪ સ્કે.મી., "રાધે રેસીડેન્સી" જે સ્થિત બીન ખેતીલાયક જમીનનો ન્યુ બ્લોક નં. ૧૬૩/બી, રી-રીવાઈઝ સર્વે (જુનો બ્લોક નં. ૧૫૧, રેવન્યુ સર્વે નં. ૧૩૦), ક્ષેત્રફળ ૧૦૩૧૪ સ્કે.મી., ગામ - હલધારુ, સબ જીલ્લો અને તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- ● ઉત્તરે :** પ્લોટ નં. ૯૩, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૯૫, ● **પૂર્વે :** સોસાયટીની બાઉન્ડ્રી, ● **પશ્ચિમે :** સોસાયટીનો આંતરીક રોડ.

અનામત કિંમત	₹ 12,90,000/-	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	₹ 1,29,000/-	ન્યૂનતમ બીડ વધારવાની રકમ	₹ 10,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. ફોર ક્લોઝર, શ્રી ટી જયા પ્રકાશ રેડ્ડી-૮૧૪૨૦૦૦૦૬૪ નો સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ, સુરત શાખાનો સંપર્ક નં. ૦૨૬૧-૨૩૯૯૫૦૫ અને ૯૯૭૮૯૭૮૩૭૩ નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૨.૦૫.૨૦૨૬ અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ